# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ગુન્હાના શોધક નહીં, પાળેલાં પોપટ ખપે છે,
સાચો ન્યાય નહીં, જોખે નમતું એવા ખપે છે!
ખપે છે એવા રાજયપાલો જે પટપટાવે પૂંછ -
ઝીલી લે જે પડ્યા બોલ એવા લોકપાલ ખપે છે!
(એનડીએ ની 'જાહેરાત')

## હાઇકુ

છે ઉતાવળ?!
- કૈં કાળું જે જરૂર -
દાળમાં થરૂર!!

આમે હતી જ
ઝેડ પ્લસ સુરક્ષા
અમિત 'ભાઇ' ને..

## ચિંતન

**સદ્વંશજાતં ગુણ કોટિ યુકતં,ધનુઃ કથં પાર્થિવવામહસ્તો।**
**શરઃ પરપ્રાણવિહાર દક્ષઃ સપક્ષપાતો અપ્યધનો ગરીયાન્ ॥**

'દુર્જન નિંદા' નામના બીજા અધ્યાયમાંથી 'સુભાષિત રત્નભાંડાગાર'નો આ શ્લોક છે :

'ધનુષ્યની પણછ સારા વાંસના વૃક્ષમાંથી બને છે (જેથી તેને ગમે તેટલી ખેંચીને વાળવામાં આવે તો પણ બટકીને ભાંગી જતી નથી) અને તેને સારી (ગુણ-)દોરીથી બાંધવામાં આવે છે. આમ પણછ હાથમાં જ રહે છે પરંતુ બાણ તીર જે શિકાર - કે - મનુષ્યના પ્રાણ પણ હરી લે છે તેના પાછળ રાજા તેને શોભાયમાન કરવા સુંદર પીછાં પણ બાંધીને પક્ષપાત તો કરે જ છે અને તેને જમણાં હાથમાં સ્થાન પણ આપે છે જે અન્યાય અને અજુગતો પક્ષપાત છે, તેવી જ રીતે જગતમાં લોકો-સામાન્ય રીતે સારા-સજ્જન કુલીન અને ગુણવાન લોકો તરફ બેદરકારી બતાવે છે અને દુર્જનો તરફ પક્ષપાતી વલણ દર્શાવી તેને માન સન્માન આપે છે એટલે જ સ્તો આજના યુગમાં દુર્જન-દુષ્ટ લોકો જ મોટા-ઉચ્ચાં સારા હોદ્દાઓ સુધી પહોંચી જાય છે.'

## સુવિચાર

- ખાયાપીયા = અંગ લગેગા.. દાનકીયા = સંગ ચલેગા.. બાકી બચા = જંગ લગેગા **- ચિત્રલેખા**
- આજના માણસની નજર 'ઉત્તર દિશાનાં ધ્રુવ' તરફ નહીં પણ 'ઉતરતી કક્ષાના ધ્રુવ' પર રહે છે એટલે જ એ દુઃખી થાય છે **-એસ. ભટ્ટાચાર્ય**
- ગઇકાલનાં કચરાને (ખરાબ અનુભવોને) શા માટે ખોદો છો? શું તમારે આજનું ભાણું બગાડવું છે **- વિદ્યુત ઠાકર**
- જયાં સુધી 'કયો ધર્મ મહાન' આ ચર્ચા હશે ત્યાં સુધી 'એવરેજ' દરેક માણસ કદી મહાન બની શકશે નહીં **- રજનીશ**
- કોઇને પોતાની આગળ ઝુકાવવું સહેલું છે.. પરંતુ ખુદને કોઇ આગળ ઝુકાવવું ખૂબ જ અઘરું છે **- ઝેન કથન**
- માણસે પોતાના દુઃખ, અફસોસ અને ભયને વળગીને ન રહેવું જોઇએ **- તમિલ કહેવત**
- 'પત્રો' એટલે માણસ પોતાની પાછળ મૂકી જઇ શકે તેવું સૌથી વિશિષ્ટ સ્મારક **- સેમ્યુઅલ જહોનસન**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સંસારના વાટિકામાં ફળ-ફૂલ અને અનેક અમૃતમય ખાદ્ય વાનગીઓ હોવા છતાં પણ લોકો ફાસ્ટફૂડ-જંક ફૂડ અને તેલ-મરચાં વાળી રાજસ્થાની-પંજાબી-મદ્રાસી વાનગીઓ આરોગીને શરીરમાં વિષમય રોગોને આમંત્રણ આપે છે.

સંતના આશ્રમમાં એક ગાય બાંધી હતી. સત્સંગ વાતચીત દરમિયાન એક ભાઇની નજર ગાયના આંચળ આસપાસ થાન પાસે ત્રણ ચાર જળો ચોંટેલી જોઇ. સંતનું ધ્યાન દોરી કહ્યું, આ જીવાત તમારી ગાયનું દૂધ પી જતી હશે - એને દૂર કરો!

સંતે તરત હસીને કહ્યું - મનસુખભાઇ! એ જળો તમારા સ્વભાવની છે - એ ગાયના આંચળ પાસે જ છે છતાં દૂધ પીતી નથી પણ ગાયનું કાળું દૂધ પીવાનો જ એનો સ્વભાવ છે.

મનસુખને ખોટું લાગ્યું પૂછ્યું - બાબા! એમાં વચ્ચે મારો સ્વભાવ કયાં આવ્યો?

સંતે તક ઝડપી - કહ્યું આ દુનિયામાં ફળ-ફૂલ જેવા અનેક સાત્વિક ખોરાક છે છતાં પણ ગધેડાં પણ ન ખાય એવી તમાકુ નથી ખાતા? આ જળો પણ દૂધ છોડીને લોહી પીવે છે એ તમારા જેવી જ કહેવાય ને?! મનસુખે વ્યસન છોડી દીધાં.

Email - sureshchandrabhatt18@gmail.com

# અભિવ્યક્તિનાં આગીયા સમાન લોક અવાજને રજૂ કરતાં ચર્ચાપત્રો વિષે અભ્યાસમૂલક ગ્રંથ


## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આપણે કદાચ ભાગ્યે જ વિચારતા હોઇએ છીએ કે આજકાલનાં બાળકોને ટીવી કરતાં પણ વીડિયો ગેમ શા માટે વધારે લલચાવતી હશે? નવી પેઢીને બુક (પુસ્તકો) વાંચવા કરતાં ફેસબુક જેવી સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સનું વળગણ આટલું બધું શા માટે હશે?

નવી પેઢીના આ વલણ-વર્તન પાછળ એક ચોક્કસ કારણ દેખાય છે. આ કારણ છે દ્વિમાર્ગી પ્રત્યાયન (ટૂ વે કમ્યુનિકેશન)! આધુનિક તકનીકે દ્વિમાર્ગી પ્રત્યાયન થઇ શકે એવાં સાધનો અને સુવિધાઓ શોધી આપ્યાં છે. ત્યારે નવી પેઢી તેનો પુરેપુરો લાભ ઉઠાવવા ઉત્સાહી છે. તેને સંવાદ કરવામાં વધારે મજા આવે છે. માત્ર સાક્ષી કે શ્રોતા બનવામાં નહીં, પણ પોતાની વાત રજૂ કરી સમગ્ર પ્રક્રિયામાં સહભાગી બનવામાં સાર્થકતા અનુભવે છે.

અખબાર કે સામાયિકની વાત કરીએ તો તેમાં ત્વરિત પ્રતિભાવ શક્ય નથી. પણ વાચકોના પત્રો/તંત્રીને પત્રો પ્રકાશિત કરવાની પરંપરા છેક અઢારમી સદીથી ચાલી આવે છે. આ પરંપરા અમેરિકન અખબારોમાં શરૂ થઇ હતી. અને આજ સુધી ટકી રહી છે. ભારતીય પત્રકારત્વનો ઇતિહાસ ફંફોસીએ તો આઇરીશ નાગરીક જેમ્સ ઓગસ્ટસ હીકીએ ૧૯ જાન્યુઆરી ૧૭૮૦ ના રોડ દેશનું પહેલું અખબાર 'બંગાળ ગેઝેટ ઓર કલકત્તા જનરલ એડવર્ટાઇઝર' નું પ્રકાશન કર્યું પછી દેશમાં એક પછી એક પત્રો શરૂ થયાં. તેમાં વાચકોના પત્રોને ખાસ મહત્ત્વ અપાતું હતું. ચર્ચાપત્ર - વિચારપત્ર એ પાંચમી જાગીર છે. તેની મજા અને ખુબી એ છે કે એનો ભાગીદાર કોઇ સ્થાપિત નથી. એ એકનો અવાજ નથી. (Folk) લોકનો અવાજ છે. તંત્રી લેખ અખબારનો વિચાર પ્રગટ કરે છે. અખબાર થોડાકોનું હોય છે એટલે બને કે એ વિચાર વિરાટનો પણ હોય, પણ ચર્ચાપત્ર વિચારપત્ર તો સમુહનો વિચાર છે.




ચર્ચાપત્રીઓ પોતાને અખબારના પૂરક, પારકી છઠ્ઠીના જાગતલ અને વૈતાલિક ગણે છે. તંત્રીઓ - સંપાદકો એમને ઉપાધિરૂપ, આપત્તિજનક કનડગત કરનારા અને પ્રસિદ્ધિ ભૂખ્યા લેખી ભાંડતા રહે છે. ચર્ચાપત્ર અને ચર્ચાપત્રીઓ આ બે અંતિમો વચ્ચેનું કયાંક આવેલું સત્ય છે. જેના વિશે એક લાંબા સમયથી કેટલાક આ વિચારોને સમર્પિત લોકો દ્વારા ચર્ચાપત્રીઓના અવાજને બુલંદ કરવાના પ્રયત્નો કરતાં મિત્રો દ્વારા લખાણો દ્વારા આંદોલન જગાવવાના જે પ્રયોગો થતા રહ્યા છે. તેને પુસ્તકાદારે પ્રગટ કરી આ પાંચમી જાગીરની તસ્વીર રજૂ કરવાનો એક પ્રયાસ તાજેતરમાં થયો છે. તે પુસ્તકની વાત મારે તમને કરવી છે.

'પાંચમી જાગીર' પુસ્તકમાંથી પસાર થતાં જે કેટલીક બાબતો ધ્યાનમાં આવે છે. તેમાં તેને સંપાદકોએ ચાર ભાગમાં વહેંચેલ છે. (૧) સંપાદકોની નજરે (૨) વિશેષજ્ઞોની નજરે (૩) સમીક્ષકોની નજરે. અને (૪) ચર્ચાપત્રીઓની નજરે. તે પછી જાણીતા ચર્ચાપત્રી રજનીકંત જોશીને સ્મરણાંજલિ આપતા કેટલાક લેખો મુકવામાં આવ્યાં છે.

આ પુસ્તકના બે સંપાદકો છે. ડંકેશ ઓઝા અને કુમારેશ ત્રિવેદી. તેમાં કુમારેશ ત્રિવેદી પોતાના સંપાદકીય બે બોલમાં ચર્ચાપત્રોનું મહત્ત્વ જણાવતાં ખાસ નોંધે છે કે દૈનિકમાં વાચકો કેટલો રસ લે છે. તે જાણવાની પારાશીશી ચર્ચાપત્રી છે. એમ કહેવાય છે કે કટાર લેખકો સારા છે એવું તમને કંઇ રીતે ખબર પડે? ગુજરાતી ન આવડતા અખબારના એક્ઝિક્યુટીવને પુછતાં તેમને જણાવ્યું 'વાંચકોના પત્રો (સંખ્યા) પરથી.' તો ડંકેશ ઓઝા ચર્ચા-પત્રોને - લોકશાહીના આધારસ્તંભ ગણે છે તેમને પોતાની વાત સ્પષ્ટ કરવા ટોમસમાનનું એક વાક્ય મુક્યું છે. 'વિચારો માટે બજારમાં સ્પર્ધા કરવાનું અશક્ય છે. તે માટે તો અનિવાર્ય એવા મંચ ઉપલબ્ધ હોવા જોઇએ. અથવા ઊભા કરવા જોઇએ.' અખબારો અને સામાયિકો આવા વિચારમંત્રો પૂરા પાડે છે. ઘણી વખત વિરોધી વિચારની અભિવ્યક્તિ ભલે મુશ્કેલ બનતી હોય પરંતુ એકંદરે આપણા સમુહ માધ્યમોને પોતાની વિશ્વસનીયતા સાચવવાની ગરજે પણ આવા વિચારમંચના વાહક બનવું પડતું હોય છે. પાંચમી જાગીરના તંત્રી, ચર્ચાપત્ર-પત્રીની સહોપસ્થિસ્તિતા અગે જસંવત રાવલ લખે છે કે 'જાગતા રે જો' એ જે ભાષા અને સૂરમાં તંત્રી કલમથી કહે છે એનાથી થોડી જુદી અને કદાચ સમુહની ભાષામાં પત્ર લેખક કહે છે. એટલે એ તંત્રીની જોડાજોડનો જુગતિયો કે જુગલબંધ છે.

ઉમાશંકર જોષીએ 'સંસ્કૃતિ' ના આરંભે ઉદ્દેશ સ્પષ્ટ કરતાં કહેલું કે 'પત્રલેખક સમય અને સમાજ સાથે ગાઢ અનુસંધાનમાં હોય છે. એ કદાચ કદ-કાઠી એ ઉમાશંકર નથી એટલે 'સંસ્કૃતિ' નથી કાઢતો પણ એની નિસબત એની કૃતિ (પત્ર) નું ચાલકબળ છે. એની ધખના, બળાપો, અનુભૂતિ એને પ્રેરે છે. એ લેખક કે તંત્રી નથી બની શકતો એટલે પત્રલેખક બને છે. રામસેતુ બાંધવા કાંકરી ઉપાડી લઇ જતી ખિસકોલીનું કાર્ય નલ-નીલ કે મહાસમર્થ વાનરરાજ કરતાં લગીરે ય ઓછું ન હતું. પત્રલેખકનું કાર્ય આવો નાનો પ્રચંડ પુરૂષાર્થ છે.

વાચકોના પત્રો સંદર્ભે નગીનદાસ પારેખે ગાંધીજીના વલણ અને કાર્યપદ્ધતિ અંગે નિરીક્ષણ રજૂ કર્યું છે. 'નવજીવન', 'યંગ ઇન્ડિયા', 'હરિજનબંધુ'ની ફાઇલો જોતાં પહેલી વસ્તુએ ધ્યાનમાં આવે છે કે એમના ઘણાબધાં લખાણો પત્ર લેખકોને ઉત્તરરૂપે લખાયેલાં છે. પ્રજાના પ્રશ્નોનો પરિચય એમને એમાંથી થતો હતો. અને તેના જવાબો દ્વારા તેઓ પ્રજાના વિચારો તંદુરસ્તી, રચનાત્મક માર્ગે વાળતાં હતા. એમને કદી કોઇ પણ પત્ર લેખકની ઉપેક્ષા, મશ્કરી કે અવજ્ઞા કરી નથી. વિરોધીઓના લખાણો પણ પોતે છાપતાં અને તેની વિગતે સ્વસ્થતાથી જવાબ આપતા. આ વસ્તુ એમને લોકમત ઘડવામાં ખૂબ ઉપયોગી થતી.' આ વાત વાચકોના પત્રો એટલે અભિવ્યક્તિના આગિયા શિર્ષકવાળા લેખમાં દિવ્યેશ વ્યાસે કરી છે.

ચર્ચાપત્ર કે મરચાંપત્ર? એવા પ્રશ્નાર્થ સાથે જાણીતા પત્રકાર, તંત્રી, સાહિત્યકાર ભગવતીકુમાર શર્મા ચર્ચાપત્રના વિશેષજ્ઞોની નજરેમાં જાણીતા હાસ્યકારો અશોક દવે, તારક મહેતા સાથે વરિષ્ઠ લેખક રમણ પાઠકનો લેખ પણ 'મંદારિકા પાઠક' અંગે છે, સમીક્ષકોમાં બીના મિશ્રા, યશવંત દોશી, દિલીપ ચંદુલાલ, જયંત પીઠડિયા અને નરેન્દ્ર પટેલના લેખો મળે છે. તો ચર્ચાપત્રીઓની નજરે વિભાગમાં નરેશ ઉમરીગર, ડો. બી.ટી. ત્રિવેદી, ઉત્તમ પરમાર, ફિરોઝ ડી. ગાર્ડ, બાલકૃષ્ણ જી. વડનેરે, ગિરીશ પટેલ, સંજય શ્રીપાટ ભાવેના લેખો છે. સ્મરણાંજલી વિભાગમાં રજનીકાંત જોષીને સ્મરણાંજલી આપતાં લેખોમાં તરૂણ દત્તાણી, ઓમ પ્રકાશ ઉદાસી, કુમુદભાઇ બક્ષી, દેવહુમા, રાધેશ્યામ શર્મા, મોહનલાલ વાઘેલા, 'પ્રયાસી' મુગટલાલ બાવીસી, ડો. વિજય વી. પરમાર, ડો. પ્રતિભા ગજીવાલા, વિગેરેના લેખો મળે છે.

'પાંચમી જાગીર' પુસ્તકના બંને સંપાદકો વર્ષોથી આ ક્ષેત્રે કાર્યરત છે. ડંકેશ ઓઝાનો મારો પરિચય 'ઓપન ફોરમ' સામાયિક દ્વારા થયેલો. ચંદુ મહેરિયાએ ૧૯૮૪માં ચર્ચાપત્રી પરિષદ કરેલી તે સમયની આ વાત. જયારે કુમારેશ ત્રિવેદીનાં પણ ચર્ચાપત્ર સંગ્રહનાં બે પુસ્તકો 'પ્રસ્થાન' અને 'મનુથી મહાત્મા' પ્રકાશિત થયાં છે. સુંદર રંગીન તસ્વીરો સાથેનું પાંચમી જાગીરથી અવગત કરાવતું આ પુસ્તક વાંચતાં અનેક લોકોને ચર્ચાપત્ર લખવાની પ્રેરણા પુરૂં પાડે તેવું છે. તે માટે સંપાદકોને ધન્યવાદ પાઠવું છું.

**પાંચમી જાગીર (ચર્ચાપત્રો વિશે અભ્યાસમુલક સામગ્રી)**
**સંપાદકો - ડંકેશ ઓઝા, કુમારેશ ત્રિવેદી**
**પ્રકાશક - કીર્તિ કુમારેશ ત્રિવેદી**
**૨૦૧, વ્રજેન્દ્ર કોમ્પલેક્ષ, નારણપુરા, પોસ્ટઓફિસ પાસે,**
**અમદાવાદ-૧૩**
**કિંમત - રૂા. ૬૦**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪**

# મા-બાપ અને સંતાનોના સંબંધો છેક સુધી લાગણી ભીના અને હૂંફાડા રહે તે જરૂરી છે અને આમેય મા-બાપને જોઈએ પણ શું? પેટ ભરવા રોટલો, સૂવા ઓટલો અને સંતાનોનો પ્રેમ, આટલી વસ્તુ પણ ન આપી શકનારા સંતાનોએ વિચારવું જોઈએ, કેમ કે તેઓ પણ ઘરડાં થવાના છે

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

માણસે તેના જીવનને ચાર તબક્કામાં વહેંચ્યું છે. આ ચાર તબક્કામાં પહેલો તબક્કો બાળપણનો, બીજો યુવાનોનો, ત્રીજો પ્રૌઢાવસ્થાનો અને છેલ્લો વૃદ્ધાવસ્થાનો છે. બાળપણ હસવા રમવામાં કયાં પસાર થઇ જાય છે. તેની સમજણ પડતી નથી. યુવાનીમાં માણસે અનેક સપનાઓ સેવ્યા હોય છે જે સપનાઓ પૂરા કરવામાં અને ગૃહસ્થી સંભાળવામાં તેની આખી યુવાની વીતી જાય છે. પ્રૌઢાવસ્થા બાળકોને ભણાવવા-ગણાવવા અને તેમના લગ્ન કરીને ઠેકાણે પાઠવામાં વીતી જાય છે. આ ત્રણેય પડાવ તો ઝડપથી પસાર થઇ જાય છે. પરંતુ વૃદ્ધાવસ્થા પસાર કરવી ભારે પડી જાય છે.

આપણે આપણી આસપાસ કે સગા-સંબંધીઓનાં પરિવારમાં નજર કરીશુ તો મરવાનાં વાંકે જીવતા કેટલાયે વૃદ્ધો જોવા મળશે. મિલકતની જેમ જયારે સંતાનો મા-બાપને પણ વહેંચવા તૈયાર થઇ જાય છે. ત્યારે મા-બાપ તદ્દન નિઃસહાય બની જાય છે. મિલકત જડ હોવા છતાં તેની સારસંભાળ લેવામાં આવે છે. જયારે માબાપ જીવતા હોવા છતાં તેની ઉપેક્ષા કરવામાં આવે છે. આ ઉપેક્ષિત વૃદ્ધો આમથી તેમ સંતાનોના હડસેલા ખાતા મોતની પ્રતિક્ષા કરતા રહે છે. માણસ પાસે જયારે પ્રવૃત્તિ કે ધ્યેય ન હોય ત્યારે સમય પસાર કરવો તેના માટે મુશ્કેલ બની જાય છે.

કેટકેટલાં અરમાનો અને આશાઓ સાથે સંતાનોને ઉછેરીને મોટા કર્યાં પછી તે જ સંતાનો મા-બાપથી મુખ ફેરવી લે ત્યારે મા-બાપને મનમાં થાય કે આના કરતાં તો વાંઝિયા રહ્યા હોત તો સારું હતું. જેમનાં સંતાનો સમજું છે, લાગણીશીલ છે તેના માટે ઘડપણ હસતાં - હસતાં પસાર થઇ જાય છે. સમાજમાં બધાં જ સંતાનો ખરાબ કે સ્વાર્થી નથી હોતા. જે સંતાનો સારા છે, જે લોકો પોતાની મા-બાપની લાગણીઓને સમજે છે, જેઓ તેમની સારસંભાળ રાખે છે તેને સો સો સલામ. હમણાં જ છાપામાં એક કિસ્સો વાંચ્યો હતો.

મોહનલાલને બે દીકરા અને એક દીકરી હતી. ત્રણેયના લગ્ન થઇ ગયા હતા. દીકરાઓ તેમનાં ફેમિલી સાથે અલગ અલગ રહેતા હતા. દીકરી પણ સાસરે સુખી હતી. મોહનલાલ પંચોતેર વર્ષના હતા. અલબત્ત, તેમના પત્ની ગુજરી ગયા પછી તેઓ એકલા પડી ગયા હતા. હવે તેમની તબિયત પણ નરમગરમ રહેતી હતી. બંને દીકરાઓને તેમને સરખે ભાગે મિલકત વહેંચી આપી હતી. દીકરાઓ પણ આર્થિક રીતે સુખી હતા. દીકરાઓને પણ સંતાનો હતા ટૂંકમાં તેમના દીકરાઓનું જીવન બધી જ રીતે સુખી હતુ.

મોહનલાલની પત્ની જયાં સુખી જીવતા ત્યાં સુધી બંને પણ સાથે જ રહેતા હતા. આર્થિક પ્રોબ્લેમ નહિં હોવાથી નોકર પાસે કામ કરાવીને પોતાનું ગાડું ગબડાવ્યો જતા હતા. કોઇ વાર બેમાંથી એક જણની તબિયત નરમ થાય ત્યારે બંને દીકરાઓ ખબર કાઢી જતા. વહુઓ પર કોઇવાર જમવાનું આપી જતી. તે સમયે વહુ દીકરાઓ સાથે તેમને સારા સંબંધો હતા. તેમને વહુ - દીકરાઓ સાથે કોઇ પણ વાર બોલાચાલી કે ઝઘડો થયો ન હતો.

મોહનલાલની પત્ની જીવતા હતા ત્યાં સુધી બધું જ બરાબર ચાલતું હતું. જેવું તેમની પત્નીનું નિધન થયું કે તરત જ મોહનલાલની દશા ખરાબ થવા લાગી. મોહનલાલ હવે એકલા હોવાથી તેઓએ તેમના દીકરાના ઘરે રહેવાનું નક્કી કર્યું. જેવા તે મોટા દીકરાને ત્યાં રહેવા આવ્યા તેવા જ તેમને મોટી વહુનાં લક્ષણો દેખાવા લાગ્યા. મોટા દીકરાએ નાનાને બોલાવીને બાપુજીને રાખવા બાબતે સમજુતી કરી લીધી. બંનેએ એક એક મહિનો બાપુજીને રાખવાનું ઠરાવ્યું. પરંતુ તેઓ તેમના દીકરાઓના આ નિર્ણય આગળ લાચાર હતા.

બંને દીકરાઓએ કરેલી સમજુતી મુજબ મોહનલાલે પણ પોતાની જાત સાથે સમજૂતી કરી લીધી. દીકરાઓ કે દીકરાની વહુઓ હવે તેમને પહેલાંની જેમ રાખતા ન હતા. સમાજની બીકે તેમને રાખવા ખાતર રાખતા હતા. આ બાબતે મોહનલાલ કરી પણ શું શકે? તેમની દીકરી તેમના માટે જીવન બાળતી હતી. વારે તહેવારે તે પિતાજીને થોડાંક દિવસ તેને ત્યાં રહેવા લઇ જતી.

એક દિવસ તો દીકરાઓની નાલાયકીની હદ આવી ગઇ. મહિનો પૂરો થતો હોવાથી મોટો દીકરો તેના પિતાજીને નાના ભાઇને ત્યાં મુકવા આવ્યો. જોયું તો ઘર બંધ હતું. મોટો દીકરો બાપને પોતાની સાથે પાછા લઇ જવાને બદલે ઘરની બહાર બેસાડીને ચાલી ગયો, કેમ કે મહિનો પૂરો થતો હતો. આ મહિનામાં એકત્રીસ દિવસ હતા એટલે કે એકત્રીસમાં દિવસે મૂકવા આવ્યો હતો. તે તેના બાપને એક દિવસ પણ વધારે રાખવા માગતો ન હતો. તો સારું થયું કે પાડોશીએ મોહનલાલની દીકરીને ફોન કરીને જાણ કરી. છેવટે તેમની દીકરી મોહનલાલને તેના ઘરે લઇ ગઇ.

ઘડપણમાં આ તે કેવી વિડંબણા! ત્રણ ત્રણ સંતાનો હોવા છતાં બાપને પરાયા થઇને જીવવું પડે તેનાથી મોટું દુઃખ કયું હોઇ શકે? બાળક જન્મે ત્યારે મા-બાપ તેને કેટલા લાડકોટ કેટલા જતનથી ઉછરેતાં હોય છે! મોટા થતાં એ જ સંતાનો મા-બાપની ઉપેક્ષા કરે છે, તેમની લાગણીઓને ઠેસ પહોંચાડે, પ્રેમના બદલે નફરતભર્યો વ્યવહાર કરે, ત્યારે મા-બાપને જિંદગી દોખજ લાગે તે સમજી શકાય તેમ છે. મા-બાપ અને સંતાનોના સંબંધો છેક સુધી લાગણીભીના અને હૂંફાડા રહે તે જરૂરી છે અને આમેય મા-બાપને જોઇએ પણ શું? પેટ ભરવા રોટલો, સૂવા ઓટલો અને સંતાનોનો પ્રેમ. આટલી વસ્તુ પણ ન આપી શકનારા સંતાનોએ વિચારવું જોઇએ, કેમ કે તેઓ પણ ઘરડાં થવાના છે.

**"પીપળ પાન ખરતા હસતી કુંપળિયા,**
**મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડિયા!"**

# માનવીના જીવનમાં ચેતના જગવતી જાપાનીઝ કહેવતોમાં ડોકીયું

## ચેતનાનો સમય

- પ્રો. ઈન્દુભાઈ ભટ્ટ

સુરેશ દલાલના મતે કહેવતો એ સામૂહિક જીવનનો શ્વાસ છે. ધબકાર છે. કહેવતોમાંથી જિંદગી જીવવાની જડીબુટ્ટી સાંપડે છે. દિપક મહેતાએ જાપાનીઝ કહેવતો એકઠી કરીને તેનું ભાષાંતર કરવા ભાષાવિદોનો સહારો લઈને ગુજરાતી ભાષામાં સરળ શૈલીમાં જાપાનીઝ કહેવતોનો સંગ્રહ બહાર પાડ્યો છે આજે આપણે જાપાનીઝ કહેવતોમાં ડોકીયું કરીને તેમાંથી આપણે આપણા જીવનમાં ચેતના જગવવાની છે.

પ્રથમ કહેવત છે કે

"જીવન અટપટું નથી
આપણે અટપટા છીએ"

જીવન તો સરળ છે પણ આપણે અગણિત જરૂરિયાતોમાં અગણિત અપેક્ષાઓમાં, અગણિત ઈચ્છઆઓમાં જીવનને અટપટું બનાવી દીધું છે. જીવન અટપટું નથી પણ આપણે જ જીવનને અટપટું બનાવીને આપણે અટપટા બની ગયા છીએ. કહેવતનો સારાંશ એ છે કે જીંદગીને અટપટું ના બનાવો. જીવનનો સરળ જ છે તો એ સરળતાને જાળવી રાખો.

બીજી એક કહેવત છે કે -

"માનવી જેટલો સજ્જન છે તેટલો જ દુર્જન પણ છે."

અર્થાત્ - આપણે માનવીની સજ્જનતા જોઈએ કયારેક ભોળવાઇ જઈએ છીએ. સિક્કાને બે બાજુ હોય છે. માનવીરૂપી સિક્કાને બંને બાજુથી નીરખરવો પડે છે. ઓળખવો પડે છે. માનવીમાં સજ્જનતાનો ગુણ છે તેવો જ દુર્જનતાનો અવગુણ છે. માનવી સંજોગાવશાત કયારેક સજ્જનતામાંથી દુર્જનતાનો વ્યવહાર મઝબુરીથી કરવા લાગે છે તો માનવી દુર્જનતાનો વ્યવહાર કરી છેતરપીંડી કરતો હોય છે. સજ્જનતાની પૂરી ચકાસણી કરો.

ત્રીજી કહેવત છે કે -

'દુષ્કૃત્ય ફરતું ફરતું આપણી પાસે જ આવે છે'

ઘાણીના બળદને આંખોમાં ડાબલા પહેરાવી દેવામાં આવે છે જેથી તે ગોળગોળ ફર્યા કરે અને કેટલું ચાલ્યો તેની ખબર પડતી નથી. તેમ માણસ દુષ્કૃત્ય ફરી ફરીને પાછું તો પોતાની પાસે જ આવવાનું છે. જેવું વાવો તેવું લણો. સારાની સામે સહુ સારા અને ખરાબની સામે સહુ ખરાબ, તમે સારા કર્મો કરો તો તે પાછા તમારી પાસે તેના સારાં ફળો લઈને પરત ફરે છે. પણ દુષ્કર્મો કરશો તો તે તેના પ્રતિભારૂપે તમારી સમક્ષ દુષ્કર્મ બનીને પાછાં આવશે એટલે હંમેશા સત્કર્મો કરતાં રહો તો સત્કર્મોના ફળ હંમેશા સારાં જ મળશે.

ચોથી એક કહેવત છે કે -

'ઝઘડાખોર વિના ઝઘડવાના કયાંથી'

કેટલાક લોકો ઝઘડાખોર હોય છે પણ સામેની વ્યક્તિ પણ ઝઘડાખોર હોવી જોઈએ. સામેની વ્યક્તિ શાંત હોય, સહનશીલ હોય સમજુ હોય તો તે સામે ઝઘડો કરી પોતાની શક્તિ વેડફતો નથી. ઝઘડાખોરની સામે ઝઘડાખોર આવે તો ઝઘડો બળવત્તર બને છે. એ ઝઘડો શાંત થતો નથી. અર્થાત માનવીએ ઝઘડાખોર વ્યક્તિ સાથે મૌન કેળવવું જોઈએ. એટલે ઝઘડાખોર આપોઆપ થાકીને શાંત થઈ જશે.

પાંચમી કહેવત છે કે -

'સમૃદ્ધિમાં સૌમિત્રો, ગરીબઈમાં સગાંપણ સંગાથે નહિં'

અર્થાત - માણસ પૈસાદાર હોય, સંપત્તિવાન હોય તેના સહુ મિત્રો થવા દોડી જાય છે. સગાંહવાલાં પણ આવા સમૃદ્ધિવાન લોકોને પ્રેમથી બોલાવે છે. સમૃદ્ધિવાન માણસ પાસેથી ફાયદો ઉઠાવવા સહુ સ્વાર્થના સગા થાય છે પણ ગરીબાઈમાં કોઈ સાથ આપતું નથી. સગાવહાલાં પણ ગરીબાઈમાં સબડતા ગરીબ માણસો સાથે છોડી દે છે.

છઠ્ઠી કહેવત છે કે -

'અધૂરો નશો ચડેલા માણસનું સઘળું છતું થાય છે.'

અર્થાત્ - દારૂનો નશો એવો છે કે અધૂરા નશામાં માણસ બકવાસમાં પોતાનું બધું જ છતું કરી દે છે. તે અર્ધો બેભાન અવસ્થામાં પોતાના ઘરની, કુટુંબની, પોતાની બધી વાત જાહેર કરી છે પણ પુરેપુરો નશો કરી નશામાં ચકચુર થયેલો શું બકવાસ કરે છે તે સમજાતું નથી. તેના બકવાસમાં પોતાની અંગત વાત જાહેર કરતો નથી. માત્ર કોરો બકવાસ કરે છે.

આનો અર્થ એવો નથી કે તમે પૂરેપૂરો નશો કરો. નશો તો નાશને નોતરે છે. અડદો પડધો નશો માનવીની જિંદગીને ખતમ કરી નાખે છે.

સાતમી એક કહેવતમાં કહે છે કે -

"મનગમતો મહેમાન ત્રણ દિવસ પછી અણગમતો."

કહેવત છે કે અતિશિ દેવો ભવ. પણ એ અતિથિ ધામા નાખીને જવાની જ વાત ના કરે તો દેવ નહિં પણ દાનવ કહેવાય. મગનમતો મહેમાન ત્રણ દિ' સારો લાગે પણ પછી તે પરોણો લાગે છે. અર્થાત્ તમે કોઈને ત્યાં મહેમાન બનીને જાવ તો એક બે દિવસથી વધારે રોકાશો નહિ.

આઠમી કહેવત છે કે -

"નિર્ણય સાંભળીને અફાય, પણ જોઈને નહિ."

અર્થાત્ - કોઈ બાબતમાં તમારે નિર્ણય કરવાનો આવે તો બે વ્યક્તિ વચ્ચેના વિવાદમાં તમારે બન્ને પત્રોને સાંભળીને સમજીને વિચારીને તટસ્થ રીતે નિષ્પક્ષ રીતે નિર્મય આપવાનો હોય છે નહિં કે એકબીજાના મુખડા જોઈને.

નવમી કહેવત છે કે

"ઢોળાયેલું પાણી પ્યાલામાં પાછું કદી આવતું નથી."

અર્થાત - તમે જે કડવાવેણ બોલો છો, અપમાનજનક વાણીવિલાસ કરો છો, કોઈના વિષે ખોટી ટીકાટીપ્પણી કરો છો તો તમારાં મોંમાંથી નિકળેલી વાણી પાછી આવી શકતી નથી. જેમ કે પ્લાલામાંથી ઢોળાયેલું પાણી પાછું નથી આવતું તેમ એકવાર બોલેલા શબ્દો પાછા ગળી શકાતા નથી. એટલે બોલતાં પહેલાં લાખવાર વિચારો દસમી કહેવત છે કે -

"કાગડો પણ પ્રમથી પીગળે છે"

કેટલાક લોકો કાગડા જેવા હોય છે. કર્કશવાણી બોલતા હોય છે. કોયલ જેવું મધૂર ટહુકો કાગડા કરતાં નથી. મીઠી કોયલ જેવી વણી સહુને ગમે છે. પણ કાગડાનું કો કો કોઈને ગમતું નથી. છતાં પણ કાગડાને પીગળાવવો હોય તો તેને પ્રેમથી રોજ ગાંઠિયા ખવડાવો તો તે તમારી આસપાસ રોજ ઘુમરાવા લાગે છે. અર્થાત્ કાગડા જેવી કર્કશવાણી બોલતા માણસની સાથે તમે પ્રેમભર્યા વ્યવહાર કરશો તો તે પીગળી જશે.

અગીયારમી કહેવત છે કે -

'તત્કાળ વચનદાતા, તત્કાલ ભુલકણો'

અર્થાત્ - આ કહેવત ખાસ તો રાજકારણીઓને લાગુ પડે છે. રાજકારણીઓ ચૂંટણી ટાણે મતદારોને લલચાવવી અવનવા વચનોની લહાણી કરે છે પણ ચૂંટણી પતી ગયા પછી અને ચૂંટણીમાં જીત મેળવ્યા પછી સત્તાના નશામાં ચકચૂર થઈને આપેલા વચનો પાળવાનું ભૂલી જાય છે. કેટલાંક તો વળી આપસના વ્યવહારોમાં લેણદેણના વ્યવહારોમાં વચન આપી પાછળથી ફરી જાય છે. આવા વચનોની લહાણી કરવાં માનવીથી ચેતતા રહેવું.

અનુસંધાન પાના.૬ પર